# જિલ્લા નાયબ નિયામક (વિકસતી જાતિ) ની કચેરી

જિલ્લા સેવા સદન, જુની કોર્ટ બિલ્ડીંગમા, બહુમાળી ભવન કેમ્પસ, નાનપુરા, સુરત.

ફોન નં. ૦૨૬૧-૨૪૬૦૬૯૮ ઈ મેઈલ: d.dirsurat@gmail.com


..........................................................................................

જિ.ના.નિ/વિ.જા./રી-વેરીફીકેશન માઈનોરીટી શિષ્યવૃત્તિ/૨૪૩૮ તા.03/0૨/૨૦૨૧

ખાસ જરૂરી

તાત્કાલિક

પ્રતિ,

૧) શાસનાધિકારીશ્રી,સુરતની તાબા હેઠળની તમામ શાળાઓને વિગતો પુરી પાડવા જાણ કરવા સારૂં.

૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,સુરતની તાબા હેઠળની તમામ શાળાઓને વિગતો પુરી પાડવા જાણ કરવા સારૂં.

૩) તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,સુરતની તાબા હેઠળની તમામ શાળાઓને વિગતો પુરી પાડવા જાણ કરવા સારૂં.

૪) આચાર્યશ્રી,સરકારી ગ્રાંટ ઈન એઈડ અને ખાનગી પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળા, તમામ, જિ.સુરત

૫) આચાર્યશ્રી, સરકારી ગ્રાંટ ઈન એઈડ અને ખાનગી કોલેજ તમામ, જિ.સુરત.

૬) આચાર્યશ્રી, સરકારી ગ્રાંટ ઈન એઈડ આઈ.ટી.આઈ તમામ, જિ.સુરત.

વિષય: ધાર્મિક લઘુમતિની પોસ્ટ મેટ્રીક, મેરીટ કમ મીન્સ, અને પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનામાં શાળા/કોલેજ/સંસ્થાએથી બાકી રહેલ Online અરજીઓનું Re-verification સમય મર્યાદામાં કરવા બાબત.

સંદર્ભ: નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરના પત્રક્રમાંક/વિજાક/શિક્ષણ/૨૦૨૦-૨૧/૩૩૭૨ થી ૩૪૦૩, તા.૦૨/૦૨/૨૦૨૧

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, Ministry of Minority Affairs, New Delhi ની સુચનાથી NIC Delhi દ્વારા તમામ વેરીફાઇ કરેલ અરજીઓને શાળા/કોલેજ/સંસ્થાઓમાં Re-verification અર્થે તા.૧૨/૦૧/૨૦૨૧ ના રોજ પરત મોકલવામાં આવેલ તથા શાળા/ કોલેજ/સંસ્થાઓને SMS દ્વારા જાણ કરવામાં આવેલ અને શાળા/કોલેજ/સંસ્થાઓ માટે આ Re-Verification કરવાની પ્રક્રિયામા અંતિમ તા. ૦૫/૦૨/૨૦૨૧ નક્કી કરેલ છે.

Scanned with CamScanner

ઉક્ત પ્રક્રિયા માટે શાળા/કોલેજ/સંસ્થાઓને SMS મળતા સત્વરે કાર્યવાહી કરવા નિયામકશ્રી વિકસતી જાતિના તા. ૨૨/૦૧/૨૦૨૧ ના પત્ર ક્રમાંક વિજાક/ શિક્ષણ/ ૨૦૨૦-૨૧/ ૩૧૯૩-૩૨૨૪ થી Re-verification કરવાની પ્રક્રિયા કરવા અંગે સુચના આપેલ હતી.પરંતુ હજી પણ National Scholarship Portal માં ઉક્ત ત્રણેય શિષ્યવૃત્તિ યોજનાઓમાં કુલ ૫૨,૪૪૧ જેટલી અરજીઓ શાળા/ કોલેજ/ સંસ્થાએથી Re-verification કરવાની બાકી રહેલ છે. તા.૦૧/૦૨/૨૦૨૧ ની Ministry of Minority Affairs, New Delhi ની Video conference માં મળેલ સુચના મુજબ હવે પછીથી શાળા/કોલેજ/સંસ્થાઓ માટે Re-verification ની પ્રક્રિયા માટે કોઇ મુદત વધારવામાં આવશે નહિં તેમ સ્પષ્ટ જણાવેલ છે. જેથી ૦૫/૦૨/૨૦૨૧ સુધીમાં શાળા/કોલેજ/સંસ્થા કક્ષાએ એકપણ અરજી Re-verification માટે બાકી ના રહે તે કાળજી લેવાની રહેશે.

જો કોઇ શાળા/કોલેજ/સંસ્થા આ પ્રક્રિયા સમયમર્યાદામાં પુર્ણ કરવામાં નિષ્ફળ નીવડશે અને તે શાળા/કોલેજ/સંસ્થાઓના લાભાર્થીઓ શિષ્યવૃત્તિથી વંચિત રહી જશે તો તેની સંપુર્ણ જવાબદારી જે તે શાળા/કોલેજ/સંસ્થાઓની રહેશે જેની ખાસ નોંધ લેવા વિનંતી છે.

આ કામગીરી સમયમર્યાદામાં પુર્ણ કરવાની હોઇ તેને ટોચ અગ્રતા આપી ઉકત સુચના મુજબ સમય સર કાર્યવાહી પુર્ણ કરાવવા વિનંતી છે.

જિલ્લા નાયબ નિયામક
વિકસતી જાતિ, સુરત.

<u>નકલ સવિનય જાણ સારૂ રવાના:</u>

૧) માન નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગુ.રા. ગાંધીનગર.

૧) માન. શાસનાધિકારીશ્રી,સુરતની તાબા હેઠળની તમામ શાળાઓને કામગીરી તાત્કાલિક પુરી પાડવા સુચના આપવા સારૂં.

૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,સુરતની તાબા હેઠળની તમામ શાળાઓને કામગીરી તાત્કાલિક પુરી પાડવા સુચના આપવા સારૂં.

Scanned with CamScanner